

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

'પોતાથી જ કામ થશે' તે તો પહેલેથી પાકું થઈ જવું જોઈએ. પોતાનું બળ આવ્યા વિના તો (બીજો) કોઈ આધાર (ઉપાય) જ નથી. (૪૨૬)

***

'પહેલાં હું સમજી લઉં. (ધારણા કરી લઉં) પછી પ્રયાસ કરીશ.' એમ તો કાર્ય થશે જ નહિ. (અંતર -) પ્રયાસ તો સાંભળતાં જ ચાલુ થઇ જવો જોઈએ. પછી થોડી રુકાવટ આવે તો, તેને દૂર કરવા માટે સાંભળવા સમજવાનો ભાવ આવે છે, પરંતુ 'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું.' ત્યાં ચોટ રાખીને (ચિત્ત ચોંટાડીને) જ બધો - પ્રયત્ન થવો જોઈએ. ત્યાંથી તો છૂટવું જ ન જોઈએ. (૪૨૮)

***

પરિણામમાં બેઠા છો, તો દ્રવ્યમાં બેસી જાઓ! પરિણામ તો કંપી રહ્યા છે. દ્રવ્ય નિષ્કંપ છે. કાંપતા પરિણામના આશ્રયે કાંપતા જ રહેશો. નિષ્કંપ દ્રવ્યના આશ્રયે નિષ્કંપતા થશે. (૪૩૦)

***

સંગ કરવાનો ભાવ આવે ત્યારે પણ 'સંગ નથી કરવો' — તે ભાવ તો કાયમ (મુખ્ય) રાખીને જ સંગનો ભાવ થવો જોઈએ. ('અંસગ જ છું' એવી દૃષ્ટિ રાખીને અથવા એવી દૃષ્ટિ કરવા અર્થે સત્સંગની ભાવના રહેવી જોઈએ.) (૪૩૧)

***

વાસ્તવમાં દ્રવ્યનો (ભાવભાસનપૂર્વક) પાકો (યથાર્થ) પક્ષ આવી જવો જોઈએ. પર્યાયનો અનાદિનો પક્ષ છૂટી જવો જોઈએ. (૪૩૮)

***

પ્રશ્ન :- અંદરમાં તો કાંઈ દેખાતું નથી અને સ્થિરતા થતી નથી, તેથી સાંભળવાનો ભાવ (અભિપ્રાય) રહે છે શું કરીએ;

ઉત્તર :- આમાં તો વહેવારશ્રદ્ધા પણ ન આવી. સાંભળવાનો અભિપ્રાય જ ન હોવો જોઈએ. (સાંભળવાનો રાગ થવો અને અભિપ્રાય થવો બન્નેમાં બહુ ફરક છે) સાંભળતા જ આ તરફનો (અંતર્મુખપણાનો) પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ. (૪૩૯)

***

(વચનામૃતનો શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૮ ઉપર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૮૨, વર્ષ-૨૪, જૂન-૨૦૨૧

## અષાઢ વદ ૯, મંગળવાર, તા.૧૨-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૪ પ્રવચન-૩૨

(ગતાંકથી આગળ...)

ભગવાનઆત્મા કોઈનું કારણ નથી અને કોઈનું કાર્ય નથી, એવો એનો અનાદિઅનંત ગુણ છે. અકાર્યકારણ નામનો આત્મામાં અનાદિઅનંત ગુણ છે. એવો એક ગુણ છે, તો બધા ગુણ એવા છે અને આખું દ્રવ્ય એવું છે. સમજાણું કાંઈ? અધ્યાત્મની અંતરની વાતું જરી ગ્રાહ્ય થવાનો પુરુષાર્થ ઘણો જોઈએ, ત્યારે ખ્યાલમાં આવે. આહાહા..! હેં?

વસ્તુ વસ્તુ કોઈની નિમિત્ત ક્યાં હોય? વસ્તુના સ્વભાવમાં અકાર્યકારણ નામની શક્તિ અનાદિઅનંત પડી છે. ભગવાનઆત્મામાં જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, અસ્તિત્વગુણ છે એમ અકાર્યકારણ નામનો ત્રણે કાળ તેમાં રહેલો ગુણ અનાદિઅનંત છે. એ દ્રવ્ય વસ્તુ, ગુણ વસ્તુ અને એની પર્યાય, હોં! કોઈનું કાર્ય નહિ અને તે પર્યાય કોઈનું કારણ નહિ. આહાહા..! કેમ? કે, અકાર્યકારણ નામનો ગુણ છે એવી જ્યારે દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં અનંત ગુણ છે તો અકાર્યકારણ ગુણનું પણ પરિણમન થયું. શું કહ્યું સમજાણું?

૪૭ શક્તિ જે પ્રકાશિત થશે એ બહુ સારી નીકળશે. 'આત્મપ્રસિદ્ધિ' છપાણું છે પણ અત્યારે ૪૭ શક્તિના વ્યાખ્યાન થયા છે તે બહુ સારા થયા છે. હળવે હળવે બહાર આવશે. ૪૭ શક્તિ નવી છપાશે. અકાર્યકારણ નામનો આત્મામાં ગુણ છે, એવા ગુણનો ધરનાર દ્રવ્ય છે. એવા અખંડ અભેદ દ્રવ્યની દૃષ્ટિ થઈ તો જેટલા અનંત ગુણ છે એ બધા ગુણનું પરિણમન તેની પર્યાયમાં આવ્યું. દ્રવ્ય અકાર્યકારણ છે, ગુણ અકાર્યકારણ છે, પર્યાય પણ અકાર્યકારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો ભગવાનનું ઘર છે, તેને જાણવા માટે પુરુષાર્થની ઉગ્રતા જોઈએ. આહાહા..! એ ધર્મ કંઈ સાધારણ ચીજ નથી. જેના ફળ સ્વરૂપે સાદિઅનંત સિદ્ધપદ આનંદ પ્રગટ થાય. આહાહા..! જેના ફળમાં સાદિઅનંત, ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની સાદિઅનંત અનંતગુણી પર્યાય છે. સંસારની પર્યાયની સંખ્યા કરતાં સિદ્ધની પર્યાયની સંખ્યા અનંતગુણી છે. અનંતગુણી, અનંત અનંતગુણી (છે). આહાહા..! એવા આત્માના અતીન્દ્રિય આનંદરૂપ જેનું ફળ, તેના ધર્મની શું કિંમત! અને એ ધર્મ જેના આશ્રયે પ્રગટ થાય તે દ્રવ્યનું શું કહેવું!! સમજાણું કાંઈ?

કહે છે, કોઈનું ઉપાદાન નથી અને કોઈનું નિમિત્ત નથી. એ તો ભગવાન જ્ઞાયક ભિન્ન છે ને! પોતાના આત્મામાં દ્રવ્યમાં એવી શક્તિ છે, જ્યારે એ શક્તિની પ્રતીત, જ્ઞાન થયું તો સર્વ ગુણોની પર્યાયનું પરિણમન થયું, તો અકાર્યકારણ નામનો ગુણ એકલા દ્રવ્ય, ગુણમાં

ન રહ્યો, પર્યાયમાં પણ અકાર્યકારણ (પરિણમન આવ્યું). દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી ગયો. નિર્મળાનંદ ભગવાનની જે પર્યાય છે, તેની જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે તે પર્યાય કોઈનું કાર્ય નથી અને કોઈનું કારણ નથી. સમજાણું કાંઈ? સમજવામાં એને (એમ થાય કે) આ શું છે? મૂળ એને સ્વતંત્રતાની વાત અંદર રુચતી નથી. અનાદિથી પરાધીન લોલા લોલા લોલા (જેવો થઈ ગયો છે). ભગવાન, લોલા સમજાય છે? આંખ્યું આમ હોય, પગ-બગ આમ હોય, શક્તિ વિનાના આમ લોલા પડ્યા હોય.



આ તો ભગવાનઆત્મા સિંહ, તેના એક એક (ગુણ).. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? એ સિંહની લડાઈની વાત આવી હતી. બે વાઘ હતા, મોટા વાઘ! એક વાઘ ઉપર બીજો વાઘ ચડી ગયો પણ વાઘે માર્યું નહિ. એટલો તો પશુઓમાં પણ ખ્યાલ છે. ચડી બેઠો ઉપર. પછી ઓલો નીકળવાનો હતો ત્યારે આમ ગરદન કરી દીધી, હેઠે કરી દીધી. થઈ રહ્યું, જાઓ. ઓલો કહે, હાર્યો, અને આ કહે, જીત્યો. 'છોટાભાઈ'એ કીધું. ઈ કાલે છાપામાં આવ્યું છે. 'જૈનસંદેશ'માં. 'જૈનસંદેશ' કાલે આવ્યું છે ને? એમાં છે. હેં?

મુમુક્ષુ : હાર કબુલ થઈ ગઈ.

ઉત્તર : હાર કબુલ થઈ ગઈ. પહેલા તો ખૂબ લડ્યા, ખૂબ લડ્યા. એક વાઘણ હતી, બેઠી હતી, જોઈ રહી, બસ! જેમ સાક્ષી હોય એમ જોવે. એકની વાઘણ હતી. બે એવા લપટેલપટે (લડ્યા), લોહીજાણ! લોહી કહે છે ને? પછી ચડી ગયો, ઓલો વિજેતા હતો ને? એના ઉપર બેઠો. મોઢું આમ આમ કરે પણ કાપે નહિ. ... ઓલો ચાલ્યો ગયો. કાલે 'જૈનસંદેશ'માં આવ્યું છે. પશુમાં પણ આટલી (કબુલાત આવે છે કે), આ હાર માને છે.

આત્મા પોતાનો જ્યારે વિજેતા થયો (તો) બધા હારી ગયા. રાગ, પર્યાયભેદ બધા હારી ગયા. ભગવાનઆત્મા, હું અકાર્યકારણ સ્વભાવવંત છું. હું કોઈના કારણથી ઉત્પન્ન પર્યાય છું એમ નથી, પર્યાય હોં! અને મારી પર્યાય કોઈના કાર્યમાં કારણ થાય એવો હું છું જ નહિ. ઓહોહો..! આત્માના વિજેતાનું એ લક્ષણ છે.

**'સંસારદશામાં આત્મા...' 'કષાયના ઉદયથી શુભાશુભ ઉપયોગવાળો થાય છે. આ યોગ અને ઉપયોગ જ લૌકિક કાર્યોમાં નિમિત્ત છે. કુંભાર ઘડો બનાવે છે ત્યાં માટી ઘડાનું ઉપાદાન કારણ છે, કુંભારના મન, વચન, કાયાનો યોગ અને અશુદ્ધ ઉપયોગ નિમિત્ત કારણ છે.'** એ તો ઠીક. **'શુદ્ધ આત્મામાં ન યોગોનું કાર્ય છે, ન કોઈ શુભ કે અશુભ ઉપયોગ છે.'** ભગવાનઆત્મા પોતાની જ્યાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પોતામાં કરે તો ત્યાં ન યોગ છે, ન ઈચ્છા છે. સમજાણું કાંઈ?

**'આત્મા સ્વભાવથી અકર્તા અને અભોક્તા છે.'** ભગવાનઆત્મા તો રાગનો પણ કર્તા, ભોક્તા સ્વરૂપમાં નથી. પરનો કર્તા તો ક્યાં છે? (લોકોમાં) ગજબ વાત ચાલે છે, કોઈ પૂછનાર ન મળે. અરે..રે...! પ્રભુ! કરે કોને? ભગવાનઆત્મા રાગને કરે? શું રાગ તેની શક્તિમાં પડ્યો છે? તેના સ્વભાવની ખાણમાં રાગ પડ્યો

છે? રાગનો કર્તા થાય તો એનો અર્થ થયો કે આખું દ્રવ્ય વિકારી છે. (પરંતુ) એમ છે નહિ. ભગવાનઆત્મા શુદ્ધ અનાકુળ આનંદકંદ, એ તો રાગનો પણ કર્તા અને રાગનો ભોક્તા વસ્તુમાં છે જ નહિ. સમજાણું કાંઈ? તો પરનો કર્તા અને ભોક્તા (ક્યાંથી હોય)? આહાહા..! પરની દયા પાળવાનો શુભભાવ હોય પણ એ શુભભાવ સ્વભાવમાં નથી અને એ શુભભાવથી તેમાં કાર્ય થયું નથી. એ શુભભાવથી પરમાં દયાનું કાર્ય થયું નથી અને શુભભાવથી પોતાની નિર્મળ પર્યાયનું કારણ શુભભાવ થાય અને કાર્ય થાય એમ પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞ નહિ, વસ્તુનું સ્વરૂપ આમ છે. સર્વજ્ઞે કંઈ કર્યું છે? બનાવ્યું છે? જેવું છે તેવું સર્વજ્ઞે જાણ્યું. જાણ્યું તેવું વાણીમાં આવ્યું, આવ્યું એવું છે. આહાહા..!

કહે છે, ભગવાન! તું તો આત્મા છો ને પ્રભુ! તો આત્મામાં તો મહાન, મહાન મહાન પવિત્રતા પડી છે ને, પ્રભુ! એ પવિત્રતાનું ધામ ભગવાન (છે). એ પવિત્રતારૂપે પરિણમે, એ પરિણમન થયું તે પણ તેનો વ્યવહાર થયો. આહાહા..! હેં? એ પરિણમન તેનો વ્યવહાર છે અને ધ્રુવ તેનું નિશ્ચય છે.

કહે છે કે, ભગવાનઆત્મા સ્વભાવથી તો અકર્તા, અભોક્તા છે. રજકણનો, પરની દયાનો (ભાવ), પરને બચાવનારો, મારનારો કર્તા ભગવાનઆત્મા ન હોય. ભાઈ! એમ ન હોય, ભાઈ! એ ભગવાનને કલંક ચડે છે. એનામાં જે સ્વભાવ નથી એને એમ કહેવું, પ્રભુ! એને કલંક લાગે છે, ભાઈ! તને કલંક લાગે છે, બાપા! એ કલંકનું ફળ, ભાઈ! નુકસાનકારી છે. પણ હવે એ વાત કેમ થાય? એ કાંઈ કોઈની દીધી દેવાય એવી નથી.

ભગવાનઆત્મા જ્ઞાયકનો પિંડ પ્રભુ, જેમાં અકર્તા અભોક્તા નામનો ગુણ છે પણ રાગનો કર્તા અને પરનો કર્તા એવો કોઈ ગુણ નથી, તો પર્યાય પણ નથી. આ તો ભગવાનના દેશની વાત છે. સમજાણું કાંઈ? પરદેશમાંથી નીકળવું હોય અને સ્વદેશમાં આવવું હોય તેની વાત છે. ભગવાનઆત્મા મહાન જેની શક્તિ, કહે છે કે, શક્તિ છે પણ એ શક્તિમાં કોઈ એક શક્તિ એવી નથી કે રાગને રચે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, શુભઉપયોગને રચે એવો કોઈ ગુણ નથી. શુભઉપયોગને રચે એવો કોઈ ગુણ નથી તો પરની પર્યાયને રાખે કે ટાળે, ઉત્પાદ કરે કે વ્યય કરે, જીવાડવું નામ ઉત્પન્ન અને મરણ નામ વ્યય, ભગવાન! એ આત્મામાં છે નહિ. ભાઈ! તેના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં ત્રણેમાં નથી. સમજાણું કાંઈ? એવા આત્માને જાણે ત્યારે આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આત્મા આવો છે અને તેનાથી વિપરીત જાણે તો આત્માને જાણ્યો જ નથી. સમજાણું કાંઈ?

‘**તે ન તો પરભાવોનો કર્તા છે, ન પરભાવોનો ભોક્તા છે.**’ ‘સર્વવિશુદ્ધિ’માં આવ્યું છે ને? ભાઈ! એ લીધું છે. ‘**આત્મા સ્વભાવથી પોતાની શુદ્ધ પરિણતિનો કર્તા છે...**’ એ પણ વ્યવહાર થયો. આત્મામાં પોતાની પર્યાય, આત્મા કર્તા અને પર્યાય કર્મ, એ પણ ઉપચાર વ્યવહાર થયો. ‘**સહજ શુદ્ધ સુખનો ભોક્તા છે.**’ ભગવાનઆત્મા પરમાનંદથી ભરેલો છે. અતીન્દ્રિય આનંદનો ભાવ ઠસોઠસ ચૈતન્યમાં ભર્યો છે. અરૂપી માટે મોટા ક્ષેત્રની જરૂર નથી. એ તો તેમાં સામર્થ્ય મોટું છે. આહા..! અતીન્દ્રિય આનંદનો રસકસ. આખા અસંખ્ય પ્રદેશમાં તરબોળ તરબોળ છે. એવા અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે. આહા..! એ પણ વ્યવહારનયે ભેદ પાડીને કહે છે.

મુમુક્ષુ : ઠસોઠસ ...

ઉત્તર : ઠસોઠસ એટલે તેમાં બીજા કોઈના પ્રવેશનો અવકાશ નથી. અરૂપી પણ દળ છે કે નહિ? જેમ બરફની પાટ છે, બરફની પાટમાં પણ હજી કાંઈક અવકાશ છે કેમકે ભિન્ન ભિન્ન સ્કંધ છે, ભિન્ન ભિન્ન સ્કંધ છે તો તેમાં પણ અવકાશ છે, થોડો ખાલી ભાગ છે. ભગવાન અસંખ્ય પ્રદેશમાં કોઈ ખાલી ભાગ છે જ નહિ. અખંડ પિંડ અને અનંત ગુણનો રસકંદ છે. એમાં આકાશના એક પ્રદેશમાં વચ્ચે અવકાશ છે એમ છે જ નહિ. આહાહા..! બરફની શિલા સમજ્યા? તમને એમ લાગે કે બરફ આમ

ઠસોઠસ છે. અંદરમાં આકાશના અસંખ્ય પ્રદેશ, ઘણા સૂક્ષ્મ (પ્રદેશો) ખાલી રહી જાય છે. એમ વાત છે. કેમકે અનંત સ્કંધ છે. અનંત પરમાણુનું એક દ્રવ્ય ક્યાં છે? સ્કંધની અંદર અવકાશ રહી જાય છે. ભગવાનઆત્મામાં એક એક ગુણમાં કોઈ એક પ્રદેશનો અવકાશ ખાલી નથી. આખું અભેદ એકાકાર (દ્રવ્ય) પડ્યું છે. પણ એ આત્મા શું ચીજ છે, તેને તેણે સમજમાં લીધી જ નથી. આત્માનું શું માહાત્મ્ય છે! એ તો પરમાત્માનું પેટ છે, એમાંથી પરમાત્મા પ્રસવે છે. આહાહા..! પરમાત્માની પ્રસુતિનું ઘર આત્મા છે.

મુમુક્ષુ : કેટલા?

ઉત્તર : અનંતા. અનંતા પરમાત્માને આત્મા પ્રસવે છે. એક સમયનો પરમાત્મા, બીજા સમયનો પરમાત્મા. પરમાત્મા પર્યાય છે કે નહિ? સિદ્ધ પર્યાય છે કે નહિ? સિદ્ધ એક સમયની પરમાત્માની પર્યાય છે. બીજા સમયે બીજો પરમાત્મા, ત્રીજા સમયે ત્રીજો. ભલે એ જ છે, પણ છે બીજી પર્યાય. એવા સાદિ અનંત પરમાત્મા (થાય તેને) આત્માએ પોતાના ગર્ભમાં રાખ્યા છે, પેટમાં રાખ્યા છે. આહાહા..!

મુમુક્ષુ : પેટ ખોલીને કાઢે તો નીકળે ને.

ઉત્તર : એકાકાર થાય તો નીકળ્યા વિના રહે જ નહિ. હેં? આહાહા..! વસ્તુ તો આવી છે. આ ઘડી શું આજ જ, એમ કહે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'પ્રવચનસાર'માં છેલ્લે બે ગાથામાં કહે છે, આજ. ભાઈ! બતાવ્યું હતું, નહિ? 'પ્રવચનસાર'માં છેલ્લે છે. આજ જ કરો, આજ જ કરો. ટાઈમની શું વાત છે. જુઓ! છેલ્લે છે, છેલ્લે. જુઓ! (શ્લોક-૨૧) **'એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે અવ્યાકુળપણે નાચો.'** 'अद्य' છે ને? 'वल्गात्वद्य'. કહે છે કે, **'ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...'** ભાષાને આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. માટે એમ ન જાણો કે આ ટીકા મેં કરી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે.

મુમુક્ષુ : એ તો અભિમાન નથી માટે કહે છે.

ઉત્તર : અભિમાન નહિ, કરી શકતો જ નથી. એમ કહે છે, કરી તો શકે છે પણ અભિમાન ન કરવું. લોકો એમ કહે છે, હોં! ભગવાન! એમ નથી, ભાઈ! કરી શકતો નથી. કેમકે પરમાણુની પર્યાય સ્વતંત્ર (છે). અનંત પરમાણુમાં એક એકમાં અનંત ગુણની પર્યાયનો ઉત્પાદ તે સમયે થાય, આત્મા શું કરે?

**'સ્વયં જ્ઞેયપણેપ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવીસમજાવી શકતા નથી માટે 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો.'** આહાહા..! હે જીવો! એમ ન માનો. મેં વ્યાખ્યા કરી, શબ્દો કર્યા એમ ન માનો, પ્રભુ! એ તો ભાષામાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે અને આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. ભગવાનઆત્મામાં સ્વપર જાણવાની તાકાત છે, વાણીમાં આત્મા કે નિમિત્તની અપેક્ષા વિના સ્વપરને કહેવાની તાકાત છે. નિમિત્તની અપેક્ષા હોય તો સ્વપરની વાર્તા કહેવાની તાકાત ક્યાં રહી? સમજાણું કાંઈ? ભાઈ! કેવળજ્ઞાન નિમિત્ત છે માટે ભાષામાં તાકાત આવી. બિલકુલ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ : એ તો સૂચવે છે કેવળજ્ઞાન.

ઉત્તર : એ તો કેવળજ્ઞાન સૂચવે છે, પણ કેવળજ્ઞાન છે માટે ભાષામાં, દિવ્યધ્વનિમાં સ્વપર વાર્તા કહેવાની પૂર્ણ તાકાત આવી એમ બિલકુલ નથી. આહાહા..!

**'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (પરમાનંદપરિણામે પરિણમો).'** પ્રભુ! આજે, આજે શબ્દ છે. બીજામાં (શ્લોક-૨૨માં) પણ એમ લીધું છે.

**'આજે પ્રબળપણેઉગ્રપણે અનુભવો...' 'તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણેઉગ્રપણે અનુભવો... '** ત્યાં આજે છે. '**अनुभवतु तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्**' છેલ્લા શ્લોકમાં છે. આજે, બીજો સમય શું? આહાહા..! વાયદા કરે ઈ વાંફળ. વાયદા કરે છે ને? પચાસ હજારનું દેણું હોય તો કાંધો પાડે ને? કાંધો. કાંધો એટલે શું? એક મહિને પાંચસો ભરીશ, બીજા મહિને પાંચસો ભરીશ. હમા! નહિ, એ વાયદા વાંફળ છે. સાવકાર એમ કરે? (એ તો એમ કહે), લે, લઈ જા. ... એમ ભગવાનઆત્મા આવા પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ અભેદ, એ કોઈનો કર્તા–હર્તા નથી એને અત્યારે કબુલી લે. વાયદો નહિ. વાયદા કેવા? ભગવાન સ્વરૂપમાં વાયદા છે? સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે), '**આ આત્મા પરમ નિરાકુળ અને સમભાવધારી પરમ પવિત્ર, નિશ્ચળ રહેનાર છે. તે પરમ પદાર્થ પરમાત્મા છે. હું આવો જ છું. એવો નિશ્ચય અનુભવપૂર્વક થવો તે જ સમ્યગ્દર્શન ગુણનું પ્રગટવું છે.**' કલ્પનાથી નહિ, બહારથી નહિ, શાસ્ત્રની ધારણાથી નહિ, શાસ્ત્રના જ્ઞાનથી નહિ. આહાહા..! અંતર ભગવાનઆત્મા, એવા પૂર્ણ સ્વરૂપનો અંતર અનુભવ કરીને સમ્યગ્દર્શન ગુણનું પ્રગટવું છે. '**તે મિથ્યાત્વ કર્મ અને અનંતાનુબંધી કષાયના ઉપશમ વિના હોતું નથી.**' એ સમ્યગ્દર્શન મિથ્યાત્વકર્મ અને અનંતાનુબંધીનો ઉપશમ (થાય ત્યારે થાય છે). અહીં જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે ત્યાં ઉપશમ હોય જ, ન હોય એમ નહિ.

'**શાસ્ત્રો સારી રીતે જાણ્યા પછી પણ જ્યાં સુધી સ્વાનુભવ ન થાય ત્યાં સુધી જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી.**' શાસ્ત્રના જ્ઞાનને બરાબર સમજતો હોય પણ એ પણ પરજ્ઞાન છે. હજી તો શાસ્ત્રના જ્ઞાનના ઠેકાણા નથી. અરે..! ભગવાન! માંડ થોડો વખત મળ્યો. અનંતકાળમાં આ સમય બહુ થોડો સમય છે, હોં! મનુષ્યપણાનો સમય બહુ થોડો છે, ભાઈ! માંડ માંડ વખત મળ્યો એમાં વળી આમ ને આમ રોકાઈ જઈશ તો તારા કલ્યાણનો કાળ ચાલ્યો જશે. છોડી દે. અમે આમ કહીએ છીએ ને અત્યાર સુધી માન્યું. માન્યું, મૂક ને! સત્યને લે ને! એમાં શું છે?

કહે છે, '**શાસ્ત્રો સારી રીતે જાણ્યા પછી પણ જ્યાં સુધી સ્વાનુભવ...**' 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષ કા, અનુભવ મોક્ષ સ્વરૂપ.' બસ! અનુભવ એક જ મોક્ષનો માર્ગ છે. રત્નત્રય તેમાં (થાય છે). અનુભવભગવાન જેવો છે તેને અનુસરીને દશામાં થવું, વેદનમાં આવવું. એવા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને અનુભવો. '**સમ્યગ્દર્શનનો પ્રકાશ થતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. મુમુક્ષુએ આત્માના શ્રદ્ધાન, જ્ઞાનમાં વારંવાર રમણતા કરવી ઉચિત છે.**' એ ચારિત્ર. '**વારંવાર ભાવના ભાવો. ભાવનામાં ચાલવું તે ચારિત્ર છે.**' ભાવનામાં રહેવું એ ચારિત્ર. '**જ્યાં આત્મા પોતાથી પોતામાં સ્થિર થઈ જાય છે ત્યાં રત્નત્રયની એકતા હોય છે તે જ મોક્ષમાર્ગ છે. રત્નત્રય ધર્મ નિજ આત્માનો સ્વભાવ જ છે.**' લ્યો!

'**પુરુષાર્થ સિદ્ધિઉપાય'માં કહ્યું છે : પોતાના આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન છે.**' '**दर्शनमात्मविनिश्चिति**' ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ફરમાવે છે, મહા 'અમૃતચંદ્રાચાર્યદેવ'.. આહાહા..! હજી નવસો વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં હશે, આમ ચલતા હશે, ભિક્ષા માટે જતા હશે. આહાહા..! એ તો સિદ્ધ, સિદ્ધ! વિકલ્પ બહાર, શરીર બહાર. હજી તો નવસો વર્ષ પહેલાં. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' એકલા અમૃતનું ઘોલન કરનારા કહે છે, આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન, '**પોતાના આત્માનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, પોતાના આત્મામાં સ્થિરતા સમ્યક્ ચારિત્ર છે આ ત્રણેથી કર્મબંધ થતો નથી.**' સમજાણું કાંઈ?



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૨૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૩-૪-૧૯૮૩, પ્રવચન નં. ૯૫ (વિષય : માર્ગદર્શન)**

**પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે એને પામવાનું સાધન તો એની અંદરમાં છે, ઈ કાંઈ પાંગળો નથી. ૨૨૫.**

(૪૨:૦૦ મિનિટથી). ૨૨૫. '**પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે એને પામવાનું સાધન તો એની અંદરમાં (પડ્યું) છે, ઈ કાંઈ પાંગળો નથી.**' સાધન. સાધન એટલે કરણ. સાધન એટલે કરણ. એક કરણ નામની શક્તિ છે. એ બધા આમાંથી છે, જ્ઞાનગોષ્ઠી ને એમાંથી છે. અહીંથી શરૂ થાય છે. ૧૭૨ ગાથાના (પ્રવચનો), ૬૭ પાને છે. ૨૫૪ છે ને. ત્યાંથી 'પ્રવચનસાર' ૧૭૨ ગાથાના શરૂ થાય છે.

મુમુક્ષુ :- બોલ એટલા બધા સરસ આવ્યા છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો બધું માખણ-માખણ છે.

શું કહે છે? કે સામાન્ય રીતે ધર્મથી અજાણ્યા જીવોને એવો ખોટો ખ્યાલ છે કે પુણ્યથી ધર્મ થાય છે. પુણ્ય હોય તો એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થાય, પુણ્ય હોય તો એને દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ થાય, પુણ્ય હોય તો જૈનકુળમાં જન્મ થાય, પુણ્ય હોય તો એને જ્ઞાનીને તીર્થંકરનો, સમવસરણનો સંયોગ થાય અને પુણ્ય હોય તો સત્શાસ્ત્રનો એને સંયોગ થાય. માટે પુણ્ય હોય તો કામ થાય. કહે છે કે એમ આત્માના એવા સ્વરૂપને સ્વીકારનાર આત્માને તદ્દન નમાલો અને માલ વગરનો માને છે કે એનામાં જાણે શક્તિ નથી કાંઈ.

જેણે આત્માની શક્તિઓ જોઈ અને પ્રગટ કરીને અનુભવ કર્યો એ એમ કહે છે કે તારા સ્વકાર્ય માટે, તારા નિજ હિત માટે કોઈ સાધનાંતરની અપેક્ષા નથી તારે. તું પાંગળો નથી. અંદરમાં સાધન નામની, કરણ નામની શક્તિ પડી છે. કેટલી છે? એનું સામર્થ્ય કેટલું છે? કે અનંતુ. અનંત સામર્થ્ય. સાધન પણ અનંત સામર્થ્ય સ્વરૂપે તારું સાધન તારામાં પડેલું વિદ્યમાન છે. ક્યારે છે? કે સદાય છે. તને ભાન નથી એનું એટલે તું બીજા સાધનને ગોતે છે, બીજા સાધનને માને છે અને બીજા સાધનનો પરાધીનપણે આશ્રય કરીને તારું હિત કરવા માગે છે. આ એક ભ્રાંતિ છે, મોટા ભાગની આ ભ્રાંતિ છે.

મુમુક્ષુ :- અને એમાં જ હતા ને.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધે એમ જ છે. જ્યાં સુધી આ વાત પ્રકાશમાં એટલી નહોતી પામી ત્યાં સુધી બધાને એમ જ હતું કે પુણ્ય કરશું તો કાંઈક પામશું, પુણ્ય કરશું તો કાંઈક પામશું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ કહેવામાં એમાં ધર્મ તો થયો નહિ. પુણ્યશાળી તો ઘણા કહેવાય છે. માંસ-મચ્છી અને મદિરા પીનારા પુણ્યશાળી કહેવાય છે કે નહિ આ દુનિયામાં? એ બધા પુણ્યશાળી છે એમ નથી કહેવાતું? એની કિંમત શું? એ પુણ્યની કિંમત શું? જેના નીચમાં નીચ પરિણામ હોય એવા જીવોને પુણ્યોદય હોય તો એ પુણ્યોદયની

કિંમત શું? એમ કહું છું. એ પુણ્યોદયની કોઈ કિંમત નથી.

મુમુક્ષુ :- પુણ્યાનુબંધી પુણ્ય...?

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્યાનુબંધી પણ પુણ્યતત્ત્વ છે એની જ કિંમત નથી એમ અહીં તો લેવું છે. પાપાનુબંધી પુણ્યની તો કાંઈ કિંમત નથી પણ પુણ્યાનુબંધી પુણ્ય હોય તોપણ તેનાથી આત્મા પમાય છે એમ નથી. એ અન્ય તત્ત્વ છે. આત્મા એ પાંગળો નથી એમ કહે છે. જે અનંત શક્તિધારક છે, અનંત શક્તિસંપન્ન છે એને નમાલો અને પાંગળો માનવો એ મોટો અનાદર છે, એ પોતાના નિજ સિદ્ધપદનો, નિજ પરમાત્મપદનો અનાદર છે, એનું અપમાન છે, એને ગાળ દેવા બરાબર છે.

મુમુક્ષુ :- બાહ્યના પુણ્ય તો મનુષ્યગતિમાં હોય અને સમ્યગ્દૃષ્ટિ તો તિર્યંચમાં થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- તિર્યંચમાં થાય છે. પુણ્યની શું કિંમત હોય એટલી કહો? પુણ્યની કિંમત કેટલી? તો એના ઉપરથી એમ નક્કી થાય. વિચારણાએ કરીને આ તો એક નિર્ણય કરી લેવા જેવો છે કે જગતમાં પુણ્ય-પાપ અને એના ફળની કોઈ કિંમત નથી. અનંત વાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને ભવ પાંચ પરાવર્તનમાં બધા જ પ્રકારના પુણ્ય અને બધા જ પ્રકારના પાપના ઉદય એને આવી ગયા. મિથ્યાદૃષ્ટિને થાય એટલા હોં. સમ્યગ્દૃષ્ટિને જે પુણ્ય થાય છે એવા તો મિથ્યાદૃષ્ટિને થતાં નથી. એટલે એટલો અપવાદ રાખીને (વાત છે). મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટ પુણ્ય થાય અને મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટ પાપ થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ બધા ભેદમાં એ આવી ચુક્યો છે. કોઈ એણે બાકી રાખ્યા નથી. ત્યારે તો એને એ પાંચેય પરાવર્તનના ફળની પ્રાપ્તિ થઈ છે. એ તો બરાબર છે કે નહિ?

હવે એ બધી એંઠ છે કે બીજું કાંઈ છે? એકવાર ખાધેલું ફરીને ખાવું એ તો બધી એંઠ છે. એની કિંમત કેટલી? એંઠવાડની કિંમત કેટલી? કે અતિ દરિદ્રી હોય એને એની કિંમત છે. કોને એંઠવાડની કિંમત છે? એંઠવાડમાંથી પણ લઈને ખાનારા છે કે નહિ? કોણ ખાય છે એ? અતિ દરિદ્રી છે એ. એ પરિણામમાં જે અતિ દરિદ્રી છે એને એની કિંમત છે. પુણ્ય-પાપની જે કિંમત કરે છે એ તો ઘણા દરિદ્ર માનસવાળા જીવો છે. અનંત સામર્થ્ય, અનંત ઐશ્વર્યને ધારણ કરનારો ભગવાન આત્મા એને ઈશ્વર કહેવાણો, ભગવાન કહેવાણો, એને એવી દરિદ્રતા શોભતી નથી, એવી દરિદ્રતા એને શોભતી નથી.

'સોગાનીજી'એ તો આથી વધારે કડક લખ્યું છે. એ વાત વચમાં યાદ આવી ગઈ કે મુક્તિથી આત્માની ઓળખાણ આપવી, આત્માને મુક્તિ કહના વહ ગાલી દેના બરાબર હૈ. અહીં તો પુણ્ય લીધું છે, પણ ત્યાં મોક્ષતત્ત્વ લીધું છે. ઠીક! પરિપૂર્ણ શુદ્ધિ છે મોક્ષ તો. ભગવાન આત્માની ઓળખાણ એનાથી ન દે તું, એ લાંછન છે. જે અનાદિઅનંત બંધાયેલો નથી એવો જે પરમાત્મા અંદરમાં, જેને બંધ-મોક્ષના પરિણામની સાપેક્ષતા નથી. એનાથી અભાવસ્વરૂપે, એનાથી શૂન્ય અને એનાથી રહિત છે. જે જેલમાં ગયો નથી એને મુક્તિ થવાના અભિનંદન આપવા જાય તો એને ગાળ દેવા, અપમાન કરવા જેવું છે. એવું અપમાન ન કરાય. આમ આત્માને ઓળખાવ્યો છે.

પુણ્યના પરિણામથી તો આત્માને ઓળખાવતા નથી પણ મોક્ષના પરિણામથી પણ આત્માને ઓળખાવાની વાત નથી. મારી મુક્તિ! એમ કહે છે. આ ભ્રાંતિ કઈ જાતની? હું ક્યાં બંધાણો છું? કે દિ' બંધાણો છું? મારા સ્વરૂપને હું અંદરમાં જોઉં છું (તો એ તો) ત્રિકાળ જેવું છે એવું છે, બંધ-મોક્ષની અપેક્ષા જેને નથી. આવું તો સ્વરૂપ સદાય છે, એનો મોક્ષ કરવો એ પ્રશ્ન ક્યાં છે? એનો મોક્ષ કરવો એ તો એક નવી ભ્રાંતિ થઈ, એ પ્રશ્ન નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- પુણ્યની તો વાત જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્ય તો ક્યાંય પડ્યું રહ્યું. પણ એનો મોક્ષ કરવાનો પ્રશ્ન નથી. એમ લે છે.

મુમુક્ષુ :- મોક્ષ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. 'ધર્મદાસજી ક્ષુલ્લક'. મોક્ષ તો એના આદિ-મધ્ય-અંતમાં નથી. પછી બંધનો સવાલ

રહેતો નથી ચર્ચા કરવાનો. કહી ગયા છે, જ્ઞાનીઓ ઘણું ઘણું કહી ગયા છે.

એટલે તો 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' પ્રમત્ત-અપ્રમત્ત નથી. છે મુનિદશા માટે. હું પ્રમત્ત-અપ્રમત્ત નથી. વચનામૃતમાં લીધું, પર્યાયવેશ નથી, આત્માને પર્યાયવેશ નથી. ગૃહસ્થપણું, મુનિપણું, અરે..! કેવળજ્ઞાનનો વેષ આત્માને નથી. છે એમાં? ૧૦૫ નંબર છે. પર્યાયવેષ નથી આત્માને એમ કહે છે. આવો અંદરમાં આત્મા ઓળખાય નહિ, ઓળખીને મહિમા આવે નહિ ત્યાં સુધી રખડપટ્ટી મટે એવું નથી. બીજા પરિણામ થાય, થાય ને થાય જ. અનિષ્ટ પરિણામ થયા વિના (રહે નહિ). આવો ઓળખે નહિ અને આવો જાણે નહિ ત્યાં સુધી એને અન્યથા પરિણામ થયા વિના રહી શકે નહિ.

મુમુક્ષુ :– ચાર ગતિમાં રખડ્યા વિના રહે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– અને ચાર ગતિમાં રખડ્યા વિના રહે નહિ.

આત્માને મોક્ષથી અપમાન થાય છે એ વિષય પરમાગમમાં છે. 'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની છે ને ૬૮ ગાથા. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં બીજા ભાગમાં આપણે પ્રવચન લીધું છે 'ગુરુદેવશ્રી'નું. એ 'પરમાત્મપ્રકાશ'ની ૬૫-૬૮ ગાથા છે એમાં એ વિષય છે. જે આત્મા અનાદિઅનંત પરમાત્મા બંધાયો નથી એને મોક્ષ કરવાનો સવાલ નથી.

જેમ કોઈ નિર્દોષ સજ્જનને એમ ન કહી શકાય કે તમે જેલમાંથી છૂટ્યા તે બદલ તમને અભિનંદન આપીએ છીએ. સારું થયું તમે આજે ઘરે આવ્યા છો. પણ ભાઈ, હું ગયો જ નથી જેલમાં. તારે કાંઈક ભૂલ થઈ લાગે છે. હું જેલમાંથી છૂટીને આજે ઘરે આવ્યો છું એ વાત જ નથી. હું ગયો જ નથી જેલમાં એમ કહે. એવો પોતે મૂળમાં છે એમ એને ઓળખાય તો પરિણતિ સમ્યક્ છે. તો તમામ અનંત ગુણના પરિણામ સમ્યક્ છે અને નહિતર પરિણામમાં સમ્યક્તા આવતી નથી. પરિણામની સમ્યક્તાનો આધાર આવો છે કે જેને બંધ-મોક્ષ છે નહિ. એ ખરેખર આત્મા છે.

'નિયમસાર'ની ૩૮ ગાથામાં એ વિષય શાસ્ત્ર પરિભાષાથી છે કે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા જે ચાર પ્રકારના પરિણામ, પાંચમો પ્રકાર નથી પરિણામમાં. સમસ્ત તમામ સંસારી જીવના, પહેલા ગુણસ્થાનથી માંડીને અરિહંત પર્યંતના સર્વ ગુણસ્થાનો, ચૌદમા ગુણસ્થાન પર્યંતના, એ ક્ષાયિક પરિણામ છે ને, એ આ ચાર ભેદમાં સમાય જાય છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક અને ઉદયિક. એ ચારેય પ્રકારના પરિણામ દ્વારા જેને જોતાં જે અગોચર છે એવો જે પૂજિત પંચમભાવ, પરમપારિણામિકભાવ તે ખરેખર આત્મા છે. ત્યાં શું શબ્દ વાપર્યો છે?

'દ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે' એવો શબ્દ વાપર્યો છે. ટીકાકાર મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ' એમ કહે છે કે સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે તેને, એવા આસન્નભવ્ય જીવને આવા શબ્દો લીધા છે, એવા આસન્નભવ્ય જીવને, જેની ભવ્યતા પાકી ગઈ છે એવા જીવને આવો પરમપારિણામિકભાવ તે ખરેખર આત્મા છે. એ એનો ખરો આત્મા છે. બાકીના આત્માને આત્મા કહેતા નથી. એમ નિશ્ચય આત્માનું સ્વરૂપ કહ્યું છે.

અહીંયાં કહે છે કે એ નિશ્ચય આત્મા પુણ્યથી પમાય, રાગથી પમાય, પુણ્યથી એટલે રાગથી પમાય, વીતરાગસ્વરૂપી આત્મા રાગથી પમાય એમ કહેનાર આત્માને ગાળ દે છે. એ અજાણ્યા છે, ભૂલ ભૂલમાં આત્માને ગાળ દે છે. એને પામવાનું સાધન તો અંદરમાં પૂરેપૂરું પડ્યું છે. ક્યાંય એને ગોતવા જાવું પડે એવું નથી. અંતર્મુખ થઈને એની સંભાળ કરે એટલે એ શક્તિ સળવળીને બેઠી થાય એવું છે. અને એ શક્તિ બેઠી થાય એને કોઈ રોકી શકે એવું નથી. આ અંતકૃત કેવળી થાય છે એમાં પ્રાણ છૂટી જાય એવા ઉપસર્ગ હોય, પરિષહ હોય એથી એનું કેવળજ્ઞાન ન રોકાય પછી. છેલ્લા અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટી જાય. પ્રાણ છૂટે આ બાજુ

અને આ બાજુ કેવળજ્ઞાન પ્રગટે. છેલ્લા થોડા અંતર્મુહૂર્તમાં. છેલ્લા અંતર્મુહૂર્તમાં. એનો અર્થ કે એ કોઈ બહારની પ્રતિકૂળતાઓ એની શક્તિને રોકવા સમર્થ નથી. આત્માની શક્તિ અંદરથી ઊપજે એને કોઈ રોકવા જગતમાં સમર્થ છે નહિ. એમ એની શક્તિનું અહીંયાં ભાન કરાવ્યું છે.

## તા. ૭–૫–૧૯૮૩, બોલ નં. ૨૩૩ થી ૨૩૫, પ્રવચન નં. ૯૯

### વિષય :– માર્ગદર્શન

**જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૩૩.**

... નુક્સાન થાય એવું કામ બળવાનપણે કરે છે. જેણે જન્મ-મરણનો અભાવ સમ્યગ્દર્શનપૂર્વક કર્યો નથી, જ્યાં સુધી મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જન્મ-મરણ ઊભું છે. નાશ નથી થયો, છેદ નથી થયો એનો. એ જે જન્મ-મરણની પરંપરા છે એ એમ ને એમ જેની ઊભી છે એટલે મિથ્યાત્વનો નાશ નથી થયો. ત્યાંથી શરૂઆત કરવી જોઈએ. મિથ્યાત્વનો નાશ થવાથી શરૂઆત થાય છે. એ જન્મ-મરણનું અને પરિભ્રમણનું એ કારણ છે. એ મિથ્યાત્વ પરમાં નિજબુદ્ધિ થવાથી છે.

મિથ્યાત્વ છે એ પરપદાર્થમાં અને પરભાવમાં નિજબુદ્ધિ એ મિથ્યાત્વ છે. તે જીવ સંયોગોમાં રાજીપો માની રહ્યો છે એટલે મિથ્યાત્વને વધારે સેવી રહ્યો છે. પરમાં નિજબુદ્ધિ. રાજીપો ક્યારે થાય છે એને? કે સંયોગોમાં પણ એને કલ્પના થાય છે કે આ પ્રકારના સંયોગો થઈ ગયા મારા, હવે મને વાંધો નથી. એમ જે અનુકૂળતાની કલ્પના કરીને ખુશ થાય છે, રાજી થાય છે, સર્વસ્વ છે એવું માને છે, એને શું માને છે એ? સર્વસ્વ છે, એને જન્મ-મરણની પરંપરાની કોઈ દરકાર નથી એમ થયું. શું થયું એમાં? કે હવે મારે જન્મ-મરણ ક્યાં સુધી કરવા પડશે? અથવા તો એના નાશનો કોઈ હું ઉપાય કરું એ જેને દરકાર નથી અને જે સંયોગાશ્રિત પરિણામમાં તન્મય થઈને પરિણમ્યે જ જાય છે અને એમાં પણ એને રસ આવે છે, એમાં પણ એને ખુશી થાય છે, કહે છે કે એ જીવ પાગલ છે, એને ગાંડપણ છે એમ કહે છે. વિવેક નથી એટલે એને પાગલ કહેવામાં આવે છે. ભલે જગતમાં એ ડાહ્યો ગણાતો હોય અને કહેવાતો હોય. માણસ કહે છે ને કે પાંચમાં પૂછાય એવા છે. ભાઈની કીર્તિ ઘણી છે. અને પાંચ જણ એને પૂછે, એની સલાહ લઈને કામ કરે. એમ દુનિયાદારીમાં ભલે એ ડહાપણવાળા, વિવેકવાળા, બુદ્ધિવાળા, વિચારવાળા કહેવાતા હોય, એ ગમે તે સ્થાને હોય તોપણ જેને જન્મ-મરણના નાશની દરકાર નથી કરી અને એ કર્યા વિના કોઈપણ પ્રકારે એ ખુશ છે, સંતુષ્ટ છે કે ઠીક છે, આપણને કોઈ વાંધો નથી, એને અહીંયાં ભગવાન પાગલ કહે છે. લોકો ડાહ્યા કહે તેથી એના જન્મ-મરણ ન મટે. લોકો માન આપે, હારતોરા પહેરાવે, સન્માન કરે, સન્માનપત્રો આપે. આપે છે ને બધા? રિવાજ છે કે નહિ? એથી કાંઈ જન્મ-મરણનો નાશ ન થાય. અથવા એને લઈને આત્મામાં કાંઈ લાભ થાય એમ

નથી. એને લઈને કાંઈ અંદરમાં શાંતિ થાય, બીજા માન આપે તેથી એને શાંતિ થાય, સંયોગો બધા અનુકૂળ, આખી દુનિયા અનુકૂળતામાં ફેરવાય જાય તો અંદરમાં શાંતિ થાય એવો કોઈ પ્રકાર નથી. અને છતાં કલ્પિતપણે એમાં રાજી થવું, કલ્પનામાં રાચીને રાજી થવું એ પાગલ જેવું કામ છે. એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- અમે તો રોજ આવીએ છીએ અહીં સાંભળવા. જન્મ-મરણનો નાશ કરવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- જન્મ-મરણનો નાશ મિથ્યાત્વનો નાશ થતા થાય. એમ ન કહ્યું કે રોજ સાંભળો એટલે નાશ થાય, રોજ વાંચો એટલે નાશ થાય. પણ અંદરમાં જો મિથ્યાત્વનો નાશ થાય અને સમ્યક્ પ્રગટ થાય તો નાશ થાય, જન્મ-મરણનો નાશ થાય. બીજું બધું બાહ્ય ક્રિયામાં જાય છે. જેટલો કોઈ બહારમાં દેખાવ થાય છે અથવા જે આત્માની અંતર્મુખની અંતરંગ ક્રિયા સિવાયની જેટલી કોઈ ક્રિયા છે, વિકલ્પ વિચારથી માંડીને મન-વચન-કાયાની જેટલી ક્રિયા છે એ બધી બાહ્ય ક્રિયા છે. અંદરથી આત્મા ફરે નહિ ત્યાં સુધી કોઈ ચીજ એને પોતાને કામની નથી. એવું છે. અંદરથી આત્મા ફરી જવો જોઈએ.

આ જગતમાંથી સુખ લેવા માટે જેને કાંઈ પ્રયત્ન કરવો નથી. ઠીક! અને જે કાંઈ પ્રયત્ન છે, પુરુષાર્થની મૂડી છે એ અંદરમાંથી શાંતિ, ગુણમાંથી શાંતિ પ્રાપ્ત કરવા માટે એનો ઉપયોગ કરવો છે. શક્તિનો ઉપયોગ, પુરુષાર્થ તો શક્તિ છે ને? ગુણમાંથી શાંતિ પ્રગટ કરવા જેને ઉપયોગ કરવો છે અને કોઈ બીજી રીતે વિકલ્પથી, વિચારથી, કોઈ શુભભાવથી, કોઈ અન્ય પ્રકારના પરિણામથી, અન્ય દ્રવ્યથી, અન્ય ભાવથી ક્યાંય શાંતિ નથી એવું જેને યથાર્થ બેસી ગયું છે એટલે એ બાજુનો પ્રયત્ન કર્યો છે. એવું યથાર્થ બેસી ગયું હોય તો એનો એ બાજુનો પ્રયત્ન ચાલે નહિ. ઊંધો પ્રયત્ન ચાલે નહિ અને સવળો જ ચાલે. ત્યારે એને જન્મ-મરણનો નાશ થાય.

ભૂતકાળના પૂર્વ ભવોમાં કાંઈ શાસ્ત્રો નહિ વાંચ્યા હોય? સ્વાધ્યાય નહિ કર્યો હોય? પૂર્વાનુપૂર્વ રીતે બહારમાં તો બધું જ કર્યું છે. પણ જે નથી કર્યું એ અંતર્મુખ થઈને મિથ્યાત્વનો નાશ નથી કર્યો.

એટલે **'જન્મ-મરણની ડાંગુ તોળાઈ રહી છે...'** એમ કહે છે. ક્યારે પડશે, આયુષ્ય ક્યારે પૂરું થશે એ ખબર નથી અને છતાં એ જન્મ-મરણનો નાશ કરવાના પ્રયત્નને બદલે સંયોગની પાછળ દોડ મૂકે છે, ઉદયમાન સંયોગોમાં તન્મય થઈને પરિણમે છે અને એમાં અનુકૂળતાની કલ્પના માને છે. સંયોગોમાં રાજીપાનો અર્થ એટલો છે કે જે કાંઈ ઉદય છે એમાં એને ઠીકપણાની, ઠીક છે આ મને, ઠીક છે આટલું તો ઠીક છે એમ જ્યાં એની હયાતી સ્વીકારી છે, સંયોગની હયાતી સ્વીકારે છે. પોતાના શુદ્ધ બુદ્ધ ચૈતન્યની હયાતી સ્વીકારતો નથી એમાં. અનાદર છે એનો. એ પાગલપન છે, ગાંડપણ છે, મૂર્ખાઈ ભરેલું છે એમ કહેવાય ને. પાગલ છે અથવા મૂર્ખ છે. આવી વાત છે.

એમ કહીને એમ કહે છે કે જાગૃત થઈને તું તારા સ્વરૂપ પ્રાપ્તિના પ્રયત્નમાં લાગ અને બીજી બધી દિશાથી, બીજા બધા કાર્યોથી ઉદાસ થઈ જા, સાવધાની છોડીને ઉદાસ થઈ જા. એક સ્વકાર્યમાં, નિજકાર્યમાં સાવધાન થા એમ કહેવું છે. તાત્પર્ય એ નિકળે છે. પૂરા ઉદ્યમથી જો સાવધાન થઈને સ્વકાર્યમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો એની સફળતા થાય, થાય ને થાય જ. એ ગેરેન્ટેડ વાત છે. કેમકે એ સ્વાધીન પુરુષાર્થ છે. એમાં એવું નથી કે કોઈ પૂર્વ કર્મ એવા બંધાયા હોય તેથી એમ ન થઈ શકે એવું નથી.

ચારેય ગતિમાં સમ્યગ્દર્શન (પામી શકાય છે). સાતમી નારકીમાં ગયો હશે એણે કેવા આકરા કર્મ બાંધ્યા હશે? જે જીવ સાતમી નારકીમાં ઉપજ્યો એણે કેવા આકરા કર્મ બાંધ્યા હશે? છતાં ત્યાં સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે એનો અર્થ એ છે કે જ્યારે આ જીવ સ્વકાર્યમાં ઉદ્યમવંત થાય છે ત્યારે પૂર્વકર્મ છે એના ઉદયથી એ ભિન્ન પડી શકે છે. પૂર્વકર્મના ઉદયથી વર્તમાન પુરુષાર્થમાં જો પુરુષાર્થ કરવામાં

આવે, સહજ છે એ તો, કરવામાં આવે એમ કહેવાય છે, તો એનાથી બરાબર ભિન્ન પડી શકે છે. ભિન્ન થઈને પોતાના સિદ્ધ સમાન શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી શકે છે, બરાબર કરી શકે છે.

મુમુક્ષુ :- સંયોગમાં દુઃખ છે અને અહીંયાં રાજીપો મનાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સંયોગોમાં દુઃખ છે એટલે સંયોગો પ્રત્યેના પરિણામને લઈને દુઃખ છે. સંયોગોની અનુકૂળતા-વાળા પરિણામ છે એ દુઃખ છે અને જે સંયોગોને પ્રતિકૂળ માને છે એ તો પ્રત્યક્ષ જ દુઃખી થાય છે. એ તો દુઃખની કલ્પના લઈને જ પરિણમે છે. પણ અહીં તો ભગવાન કહે છે કે સુખની કલ્પના લઈને પરિણમતા જીવો, ભાઈ! અમારે હામ, દામ અને ઠામ છે, કોઈ વાંધો નથી અને કોઈ તકલીફ નથી. અને જેટલા પાસા નાખીએ એ બધા સવળા પડે છે. આવે છે ને. 'પાસા બધા સવળા પડે, જન જાણીએ, મન માનીએ, નવ કાળ મૂકે કોઈને.' જેના બધા અવળા નાખ્યા સવળા પડે. લ્યો ઠીક! ઉદય હોય એ પ્રકારે બધા ચોકઠા ગોઠવાય છે. આ ધણી થઈને સવાર થઈ જાય છે કે આ મેં કર્યું અને મારા બુદ્ધિચાતુર્યથી મેં કર્યું. એ વાત જરાય માલવાળી નથી.

બહુ નાની ઉંમરમાં એ કાવ્ય લખ્યું છે હોં ! 'જન જાણીએ મન માનીએ નવ કાળ મુકે કોઈને' એમાં બધા દૃષ્ટાંત એ લીધા છે કે જગતમાં પુણ્યવંત જીવોના અનેક પ્રકારે ભેદ છે. રાજા છે, શેઠિયા છે, રાજકારણીઓ છે. બધા પ્રકાર લીધા છે. બધી સત્તા મળે છે. પણ કાળ એટલી ઝડપથી કાળનો પ્રવાહ વહે છે કે એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય છે. કરોડો-અબજો સમય નહિ. અબજોના અબજો નહિ પણ અસંખ્ય સમય જાય છે એક સેકન્ડમાં. એટલી ઝડપથી કાળનું ચક્ર છે એ ફરે છે. આ ઘડિયાળના કાંટા તો બહુ સ્થૂળ ફરે છે એની સામે. એ કાળના પ્રવાહને કોઈ રોકી શકે એમ નથી. ૧૦૦-૫૦ વર્ષની જિંદગીમાં ધા-ઉધામા પાર વગરના કરે અને આયુષ્ય પૂરું થવાનો સમય આવતા વાર લાગતી નથી. કહે છે કે એ તક ચૂકી ગયો જીવ.

આવા મનુષ્યપર્યાયમાં જ્યાં સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સાચા સિદ્ધાંતો, આત્માનું હિત થાય એવું સર્વ પ્રકારનું, બહારનું બધું વાતાવરણ સરખું હોવા છતાં પોતાના હિતનું કાર્ય છોડીને બીજે લાગે, અહિતના કાર્યમાં જાય એનાથી તો અહિત થવાનું છે. એને મૂર્ખ ન કહેવાય, પાગલ ન કહેવાય તો બીજું શું કહેવાય? એ જરૂર મૂર્ખ છે અને જરૂર પાગલ છે. એ ૨૩૩ થયો.

(૧૫:૦૦ મિનિટ)

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન-૨૦૨૧)નું શુલ્ક શ્રી જવેરીભાઈ સાવલા, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૯-C

પ્રશ્ન :- ... એક મિનિટ પણ ઉપયોગ ... નથી.

ઉત્તર :- 'ગુરુદેવે' શું કીધું છે પહેલા?

પ્રશ્ન :- 'ગુરુદેવે' સ્વઘરે જવાનું બહુ કીધું છે. પણ એ તરફ એક મિનિટ વઈ ઉપયોગ રહેતો નથી. બીજા ઘણા વિકલ્પો ઊભા થાય અને અંદર થંભવા દેતા નથી.

ઉત્તર :- એ બધો અનાદિનો અભ્યાસ છે. અંદરમાં જે સંસ્કાર અને રાગ પડ્યો છે એ ઊભો થાય છે. એનાથી પ્રયત્ન કરવો પોતાના ઘર તરફ આવવાનો કે આ બધું જે સંસ્કારો અંદરના રાગ અને બધા પડ્યા હોય એ ઊભા થાય છે. પણ વારેવારે એને ઉપયોગને લઈ ગયા વગર છૂટકો જ નથી. હું સ્વઘર જ્ઞાયક છે એના તરફ ઉપયોગ અને પ્રયત્ન કરીને, વારે વારે છૂટી જાય તોપણ વારેવારે એને ક્ષણે-ક્ષણે પણ એને એ તરફ દૃઢ કર્યા વગર છૂટકો નથી. એ ઉપાય એક જ છે. વારે વારે ચૈતન્યની દૃઢતા કરીને નિશ્ચય કરવો કે હું તો જ્ઞાયક જ છું. એમ બરાબર દૃઢતા કરીને તે તરફ પરિણતિ દૃઢ કરીને, પરિણતિ દૃઢ કરે, રુચિ દૃઢ કરે પછી ઉપયોગને વાળતા વાર લાગે તો વારે વારે એને ફેરવ્યા કરે, તો એ ગયા વગર રહેતો નથી. પણ એને વારે વારે ફેરવવો પડે છે. કારણ સંસ્કાર અનાદિના છે એ બધા ઊભા થાય છે. અનેક જાતના વિકલ્પ (ઊભા થાય છે). રુચિ પોતા તરફ આવે તો ઉપયોગ પણ તે તરફ આવ્યા વગર રહેતો નથી. રુચિ પોતાની દૃઢ અંદર (કરે), નિર્ણય દૃઢ થાય કે કરવા જેવું તો આ જ છે, બીજું નથી જ કરવા જેવું. જ્ઞાયકને ઓળખવો, જ્ઞાયકનો સ્વભાવ ઓળખી અને એમાં પરિણતિને દૃઢ કરવી એ જ કરવાનું છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી. ઉપયોગ તો અંતર્મુહૂર્તનો છે ફર્યા કરે પણ રુચિ અને પરિણતિ દૃઢ કરે તો ઉપયોગ પણ તે તરફ આવ્યા વગર રહેતો નથી.

વારે વારે ક્ષણે-ક્ષણે એના તરફ ગયા વગર છૂટકો નથી. ત્યાંથી અશુભમાંથી શુભમાં આવે, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારોમાં આવે, એમાંથી પછી હું જ્ઞાયક છું, એ જ્ઞાયક તરફ રહે. બધા વિકલ્પથી જુદો હું તત્ત્વ છું એવો નિર્ણય કરે અને વિકલ્પથી છૂવાનો પ્રયત્ન કરે તો થાય. છૂટી શકાય છે અને ઘણા છૂટ્યા છે, અનંતા મોક્ષ ગયા છે એ બધા આ ભેદજ્ઞાનથી જ ગયા છે. બધા ગયા છે એ જ્ઞાયકની પરિણતિ દૃઢ કરીને ગયા છે.

પ્રશ્ન :- માતાજી! ભક્તિની આપણે 'ગુરુદેવ'ની ભક્તિની છેલ્લી ત્રણ કડીમાં આવ્યું ને? 'ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા છતાં, જે હૃદય તારું જાણતા, એ ભાવ તારો ખેંચતા.' એ હૃદય અને ભાવની.. જે હૃદય તારું જાણતા, એ ભાવ તારો ખેંચતા.

ઉત્તર :- તારી વાણીમાં ઘણી ગંભીરતા અને ઘણા ભાવાર્થો ઊંડા ભરેલા છે. તારા હૃદયને જે જાણે છે કે કયા આશયથી કહેવાય છે, એ આશય જાણે તે ખરેખર ભાવ તમારો ખેંચી લે છે. 'ગુરુદેવ'નો કહેવાનો આશય શું છે એને ગ્રહણ કરવો જોઈએ. 'ગુરુદેવ' શબ્દો કહી રહ્યા છે પણ એમનું વજન ક્યાં જાય છે? એમને શું કહેવું છે? એ બરાબર એમનું હૃદય જે જાણે એ જ એમના ભાવને ખેંચી શકે છે. જ્યાં નિશ્ચય ત્યાં નિશ્ચય, જ્યાં વ્યવહાર ત્યાં વ્યવહાર. એ બેયની સંધી કેવી રીતે છે? 'ગુરુદેવનું' શું હૃદય છે ઈ જે જાણતું હોય તે જ એના ભાવોને ખેંચી શકે છે. એમ.

'ગુરુદેવ' નિશ્ચય દૃષ્ટિની વાત કરતા હોય કે અનાદિ કાળથી પોતે પોતાના સ્વરૂપને ઓળખ્યું નથી. તારી દૃષ્ટિ

ફેરવ, નિશ્ચય દૃષ્ટિનું કહેતા હોય. કારણ કે અનાદિ કાળથી પોતે પોતાના ઘર તરફ આવ્યો નથી. એ કહેતા હોય પણ એમાં વ્યવહાર નથી જ એવો 'ગુરુદેવ'નો કહેવાનો આશય હોતો નથી. એને બરાબર સમજવું જોઈએ.

એ દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય એમાં બધું ગૌણ થાય છે. એની દૃષ્ટિમાં આવતું નથી પણ એ બધું છે જ નહિ અને કાંઈ અશુદ્ધતા થઈ જ નથી એવો 'ગુરુદેવ'નો કહેવાનો આશય હોતો નથી. એ ગમે તે બધું જોરથી કહેતા હોય તોપણ એ નથી એટલે કે એ તદ્દન નથી એવું કહેવાનો એમનો આશય નથી હોતો. એ જોર દેતા હોય, અનાદિ કાળથી એનો પક્ષ નથી આવ્યો માટે એને જોરથી કહેતા હોય અને દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે મોક્ષમાં—મુક્તિમાં એને મુખ્ય રહ્યા વગર સાધના સધાતી નથી. માટે જોર દેતા હોય તોપણ અશુદ્ધતા થઈ જ નથી એવો એમનો કહેવાનો આશય હોતો નથી એમ સમજવું જોઈએ. અને સાધનાની પર્યાયમાં વચ્ચે બધે સાધના આવે છે, ચોથી-પાંચમી ભૂમિકા બધું આવે છે એમ 'ગુરુદેવ'નો કહેવાનો આશય હોય છે. બીજી વાર જ્યારે બીજું વ્યાખ્યાન કરતા હોય જ્યારે પદ્મનંદી આદિનું, ત્યારે એ પણ કેટલું ભાવથી અને કેટલી ભક્તિભાવથી કરતા હોય છે એની સાથે મેળવવું જોઈએ કે જો એમને નિષેધ હોય તો આટલું ભક્તિભાવથી જે આવે છે માટે એમનો કહેવાનો આશય જુદો હોય છે. એમ એમનો ભાવ બરાબર ખેંચવો જોઈએ. એમ એમનું હૃદય જાણીને.

પ્રશ્ન :- ... કહે હે માતા! હે જનેતા! બીજી માં નહિ કરું.

ઉત્તર :- કેવું આમ કહે છે હે માતા! હે જનેતા! હવે બીજી મા નથી કરવી. કેવા ભાવથી બોલતા!

પ્રશ્ન :- બહુ સરસ. જે હૃદય તારું જાણતા, તે ભાવ તારો ખેંચતા.

ઉત્તર :- તે ભાવ તારો ખેંચતા. તે તમારા ભાવને ખેંચે છે. ભક્તિનું બોલે (તો એમ કહે), હે ભગવાન! તમે... પદ્મનંદી આચાર્ય કહે છે, જ્યારે આ વાદળા ઊંચા કટકા થઈ ગયા હોય એમ દેખું છું કે ઇન્દ્રોએ તમારી ભક્તિ કરી તાંડવ ત્યારે હાથ ઊંચા કર્યા તો વાદળાના કટકા થઈ ગયા. એવી જાતની ભક્તિને આવે છે. અને એ ભક્તિને 'ગુરુદેવ' એકદમ ભાવથી મલાવીને કહેતા હતા. તો એ કાંઈ ખોટું નહોતા કહેતા. એવી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. વિકલ્પમાં એવો શુભભાવ આવે છે. પણ એ આત્માનું સ્વરૂપ નથી. એમ બેયનો મેળ કરવો જોઈએ. વચ્ચે આવી ભક્તિ જે વસ્તુસ્વરૂપ પામ્યા છે, જે પૂર્ણતા પામ્યા છે અને પોતાને એનો પ્રેમ છે કે આત્મા આવો પૂર્ણસ્વરૂપ મહિમાવંત છે. એને જેણે પ્રગટ કર્યું એના ઉપર એ સાધક હોય એને એના ઉપર એવી ભાવના આવ્યા વગર રહેતી નથી. એમ એણે બેય વાતનો મેળ કરવો જોઈએ. એકને તદ્દન કાઢી નાખવાનો 'ગુરુદેવ'નો આશય નહોતો.

એ લીટી આવે છે ને 'એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો, ચાબુક તેને મારીને વ્યવહારમાંહી વાળતો.' એકાંતથી શુષ્ક થઈને કાંઈ નથી એમ 'ગુરુદેવ'નો કહેવાનો આશય નહોતો.

પ્રશ્ન :- રખડી મરીશ ચોર્યાસીમાં..

ઉત્તર :- વ્યવહારના ભેદો ઘણા ત્યાં ક્લેશને કરતો નથી. પાછું એમ પણ આવે. વ્યવહારની ઘણી અપેક્ષાઓ હોય ત્યાં ક્લેશમાં રોકાતા નથી કે એ વ્યવહારની વાત છે. 'લાગી લગનવા આત્મની...' આત્માની લગન લાગી ત્યાં વ્યવહારના ભેદોમાં કે આનું આમ જ આમ, એમ ક્લેશમાં ઊભા રહેતા નથી. વસ્તુસ્વરૂપ જેમ મુખ્ય એમ સાધના સાધે છે. બેય વાત આવે છે 'ગુરુદેવ'માં. એમાં એમને બેય જાતની અપેક્ષાની સંધિ કરીને સમજવું જોઈએ.

પ્રશ્ન :- .. અર્થ લેવો તો આ બહારથી ગૃહીત મિથ્યાત્વ આવે. .. વાત કરે તો મિથ્યાત્વ રહે અને ડાબી કોરથી કરે તો ગૃહીત મિથ્યત્વ એવા વ્યવહારના ભેદો... બાકી નિશ્ચિય પ્રમાણે વ્યવહાર મુનિને હોય જ. એ તો બરાબર છે.

ઉત્તર :- આવી જાતની બહારની ક્રિયાઓમાં હોય છે. એવી વાતમાં ક્લેશ કરવો નહિ. બાકી અંદર નિશ્ચય સાથે

તો વ્યવહાર હોય. સમ્યગ્દર્શન હોય ત્યાં એના શુભભાવમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, કુદેવ-કુગુરુ ન હોય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હોય. અને પંચમ ગુણસ્થાનમાં અણુવ્રતાદિના શુભભાવ હોય ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર (હોય). છઠ-સાતમે ગુણસ્થાને પંચ મહાવ્રતના પરિણામ હોય. એવા સંબંધ હોય છે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર. એવો સંબંધ છે. બધી બહારની વાતમાં 'ગુરુદેવ' એવી વાતમાં રોકાતા નહોતા.

પ્રશ્ન :- ... પૂછે કે વ્યવહારના...

ઉત્તર :- કોઈ ન પામે હાથ રે. 'ગુરુદેવ' મુખ્ય દ્રવ્યદષ્ટિનું જોર દઈને (વાત કરતા હતા). કારણ કે અનાદિ કાળથી એણે પોતે ગ્રહણ કર્યું નથી, પ્રગટ થયું નથી. માટે સાધનામાં એ મુખ્ય હોય છે એટલે એની વાત બહુ આવે. પણ એટલે ઓલો નિષેધ કરીને નથી એવો એનો આશય નથી 'ગુરુદેવ'નો. એની બેયની સંધિ મેળવવી જોઈએ. 'ગુરુદેવ'ના બેય જાતના વ્યાખ્યાનોની સંધિ મેળવવી જોઈએ. જ્યારે વૈરાગ્યની વાત આવ તો 'ગુરુદેવ' કેટલા ભાવથી બોલતા હતા. અપૂર્વ અવસર આવે ત્યારે કેવી રીતે બોલતા. ભગવાનનો દીક્ષા કલ્યાણક હોય ત્યારે કેવી જાતનું એમનું વ્યાખ્યાન આવતું.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૯-D

પ્રશ્ન :- ...

ઉત્તર :- 'ગુરુદેવ' મંગળ જ હતા, બધી રીતે મંગળ હતા.

પ્રશ્ન :- બધામાં મંગળ-મંગળ. આજે સમવસરણમાં યુવરાજ,..

કહાન ચરણથી સુવર્ણપૂરનો ઉજ્વળ બન્યો ઈતિહાસ રે..

ઉત્તર :— સુવર્ણપુરનો ઈતિહાસ આખો ઉજ્વળ થઈ ગયો.

પ્રશ્ન :- તું ભગવાન છો એવા નાદથી કહે છે. હજી એના પડઘા પડતા હોય. તું ભગવાન છો, તું ભગવાન છો નક્કી કર.

ઉત્તર :- આખો દિ' રણકાર વાગતા જ હોય 'ગુરુદેવ'ની વાણીના, બિરાજતા હતા ત્યારે. હજી પણ એમ ને એમ એમના હજી પડઘા પડ્યા જ કરે છે.

પ્રશ્ન :- .. આજે એ જ રણકાર આવ્યા કરે છે.

ઉત્તર :- આટલા વર્ષો એક ઠેકાણે બિરાજ્યા હોય કોઈ સંત એ આ 'ગુરુદેવ'નું જ બન્યું એવું. એવું ભાગ્યે જ બને.

પ્રશ્ન :- તીર્થંકરો તો વિહાર કરે. આ તો એક જ સ્થળે, મુખ્ય ભાગ એક સ્થળે. આવું તો ભાગ્યે જ જોવા મળે. ૪૫-૪૫ વર્ષ સુધી એક જ જગ્યાએ.

ઉત્તર :- સંત બિરાજે, નિરંતર વાણી વરસાવે.

પ્રશ્ન :- જાહેરમાં દિવસમાં ત્રણ-ત્રણ વાર.

ઉત્તર :- ત્રણ-ત્રણ વાર વાણી વરસે. 'ગુરુદેવ' જ્યાં વિહાર કરે ત્યાં બધે મંગળ થાય. બધે નગર નગરમાં ફાલ

ફાલી ગયા. બધી પ્રતિષ્ઠાઓ ચારે બાજુ. ક્યાંય મંદિર નહોતા ત્યાં બધે મંદિરો થઈ ગયા. આ બાજુ મંદિરો ક્યાંય હતા નહિ.

પ્રશ્ન :- ગામે ગામ મંદિરો થઈ ગયા.

ઉત્તર :- ગામોગામ થઈ ગયા.

પ્રશ્ન :- 'ગુરુદેવ' પધારે ત્યાં આખી નગરી બદલાઈ જાય. અમારે નાઈરોબી પધાર્યા હતા ત્યારે આખો જાણે...

ઉત્તર :- આખી નગરી બદલાઈ ગઈ. વાતાવરણ આખું બદલાઈ જાય.

પ્રશ્ન :- ઘણે ઠેકાણે એટલા દિવસ સુધી ... નાઈરોબીમાં. હબસી લોકો, 'ગુરુદેવ' નીકળે ત્યારે ઊભા રહી જાય જોવા માટે. વરઘોડો નીકળે તો, આ કોણ છે...

ઉત્તર :- જોવા નીકળે.

પ્રશ્ન :- ગામે ગામે સ્વાગત પણ એવા જ થતાં હતા ને.

ઉત્તર :- ગામો ગામ.

પ્રશ્ન :- ઉદ્ધાર કેમ થાય? માતાજી!

ઉત્તર :- શું કહે છે?

પ્રશ્ન :- અમ બાળકનો ઉદ્ધાર કેમ થાય?

ઉત્તર :- ક્યાંથી આવ્યા છે? ઉદયપુરથી. આ આત્માને ઓળખે તો ઉદ્ધાર થાય. આ આત્મા અંદર જુદો બિરાજે છે. આ શરીર જુદું અને આત્મા જુદો છે. આત્મા અનંત ગુણથી ભરેલો છે એને ઓળખે તો ઉદ્ધાર થાય. એને જુદો જાણવો જોઈએ અંતરમાંથી. આ બધા વિભાવ રાગ-દ્વેષ એ આત્માનું સ્વરૂપ નથી, આત્માનું સ્વરૂપ જુદું છે. આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. એવા આત્માને ઓળખે તો ઉદ્ધાર થાય. આ જન્મ-મરણથી ભવનો અભાવ આત્માને ઓળખે તો થાય, માત્ર બહારથી થાય નહિ, આત્માને ઓળખવો જોઈએ. એના માટે બધું વિચાર-વાંચન કરે પણ આત્મા કેમ ઓળખાય? એવું ધ્યેય હોવું જોઈએ આત્માને ઓળખવાનું.

પ્રશ્ન :- આત્માની ઓળખાણથી 'ગુરુદેવ'ની સાચી મહિમા આવી જાય છે?

ઉત્તર :- આત્માને ઓળખે તો 'ગુરુદેવ'ની સાચી મહિમા આવે. પોતાને ઓળખે તે ગુરુને ઓળખે છે. ગુરુને ઓળખે તે પોતાને ઓળખે છે. શાસ્ત્રમાં આવે છે, ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે તે ભગવાનને ઓળખે છે. એમ આત્માને ઓળખે તો ગુરુને ઓળખે છે. માટે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે એ ઓળખે બરાબર વિચાર કરીને, તો આત્માનું કલ્યાણ થાય. આત્માને ઓળખવો જોઈએ. એને માટે ગુરુએ શું કીધું છે? ગુરુએ શું માર્ગ બતાવ્યો છે તે વિચાર કરવો જોઈએ. શાસ્ત્રમાં ગુરુએ શું એના અર્થો કર્યા છે. બધું વિચારીને પોતે અંતરમાં એ રીતે શ્રદ્ધા કરીને એ રીતે પરિણતિ કરે તો ભવનો અભાવ થાય.

***

(પત્રાંક-૨૫૮નો શેષ અંશ..)

સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪
જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

તૃષાતુરને પાયાની મહેનત કરજો.

અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો. જેને તે પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેજો.

આપનું કૃપા પત્ર આજે અને ગઈ કાલે મળ્યું હતું. સ્યાદ્વાદની ચોપડી શોધતાં મળતી નથી. થોડાંએક વાક્ય હવે પછી લખી મોકલીશ.

ઉપાધિ એવી છે કે આ કામ થતું નથી. પરમેશ્વરને નહીં પાલવતું હોય ત્યાં શું કરવું ? વિશેષ હવે પછી.

વિ.આ. રાયચંદના પ્ર.

***

(પૂજ્ય સોગાનીજીના વચનામૃત..)

વિચારતા રહેવાથી તો જાગૃતિ આવતી નથી. ગ્રહણ કરવાથી જ જાગૃતિ થાય છે. વિચારમાં તો વસ્તુ પરોક્ષ રહે છે અને ગ્રહણ કરવામાં વસ્તુ પ્રત્યક્ષ થાય છે. સાંભળતા રહેવાથી અને વિચારતા રહેવાથી તો વસ્તુની પ્રાપ્તિ થતી નથી. (સ્વરૂપ) ગ્રહણ કરવાનો (-પોતાના અસ્તિત્વને રુચિપૂર્વક વેદન કરવાનો) જ અભ્યાસ શરૂ થવો જોઈએ. (મુમુક્ષુજીવને સામાન્ય ભાવનાથી તત્ત્વવિચાર ચાલે છે. વિચારવું તો બહિર્મુખ ભાવ છે, એમાં વસ્તુ પરોક્ષ રહે છે; અને એમાં સ્વયંના મહાન અસ્તિત્વની જાગૃતિ નથી હોતી. પરંતુ સ્વરૂપની અનન્ય રુચિમાં 'જ્ઞાનમાત્ર'ના વેદનથી પ્રત્યક્ષતાથી અસ્તિત્વ ગ્રહણનો પ્રયાસ થવો જોઈએ એવા પ્રયાસથી અંતર્મુખતા પ્રાપ્ત થાય છે.) (૪૫૪)

***

પ્રશ્ન :- નજરમાં તો પરપદાર્થ આવે છે, સ્વવસ્તુ નજરમાં આવતી નથી તો શું કરવું ?

ઉત્તર :- જે ક્ષેત્રમાં નજરનું પરિણમન થઈ રહ્યું છે, તે આખા ને આખા ક્ષેત્રમાં વસ્તુ પડી છે. નજર જ્યાંથી ઉઠે છે... તે જ વસ્તુ છે. અતઃ નજર જ્યાંથી ઉઠે છે... ત્યાં જ વસ્તુને શોધી લો! (૪૫૮)

***




**પત્રાંક - ૨૫૬**

**મુંબઈ, અષાડ વદ ૨, ૧૯૪૭**

'અથાગ પ્રેમે તમને નમસ્કાર'

બે પત્ર વિસ્તારથી લખેલાં એવા આપના તરફથી મલ્યાં; આટલો પરિશ્રમ લો છો, એ અમારા ઉપરની આપની કૃપા છે.

એમાં જે જે પ્રશ્નોનો ઉત્તર ઈચ્છ્યો છે, તે સમાગમે જરૂર આપશું. જીવના વધવા-ઘટવા વિષયે, એક આત્મા વિષયે, અનંત આત્મા વિષયે, મોક્ષ વિષયે, મોક્ષના અનંત સુખ વિષયે તમને સર્વ પ્રકારે નિર્ણય સમાગમે આ વેળા આપવા ધાર્યું છે. કારણ કે એ માટે અમને હરિની કૃપા થઈ છે; પણ તે માત્ર તમને જણાવવા માટે; બીજા માટે પ્રેરણા કરી નથી.

***

**પત્રાંક - ૨૫૭**

**મુંબઈ, અષાડ વદ ૪, ૧૯૪૭**

અત્રે ઈશ્વરકૃપાથી આનંદ છે. આપનું પત્ર ઈચ્છું છું.

ઘણુંય લખવું સૂઝે છે, પણ લખી શકાતું નથી. તેમાં પણ એક કારણ સમાગમ થયા પછી લખવાનું રહે છે. અને સમાગમ પછી લખ્યા જેવો તો માત્ર પ્રેમ-સ્નેહ રહેશે,લખવું પણ વારંવાર મુઝાવાથી સૂઝે છે. બહુ જ ધારાઓ ચાલતી જોઈ, કોઈ કંઈ પેટ દેવા જોગ મળે તો બહુ સારું, એમ લાગી જવાથી, કોઈ ન મળતાં આપને લખવા ઈચ્છા થાય છે. પણ તેમાં ઉપર જણાવ્યા કારણને લીધે પ્રવૃત્તિ થતી નથી.

જીવ સ્વભાવે (પોતાની સમજણની ભૂલે) દોષિત છે; ત્યાં પછી તેના દોષ ભણી જોવું, એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે, અને મોટા પુરુષો તેમ આચરવા ઈચ્છતા નથી. કળિયુગમાં અસત્સંગથી અને અણસમજણથી ભૂલભરેલે રસ્તે ન દોરાય એમ બનવું બહુ મુશ્કેલ છે; આ વાતનો ખુલાસો પછી થશે.

***

**પત્રાંક - ૨૫૮**

**મુંબઈ, અષાડ, ૧૯૪૭**

ૐ સત્

૧બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨
એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;

(પત્રનો શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૮ ઉપર...)